નીરખને મનહરા સૃષ્ટિ આ મનભરા
પરમ છે પ્રગટ અહીં પાને પાને

પંચ ઇન્દ્રિયથી પામ ઐશ્વર્યને
સમજ જો હોય તો સ્થાને સ્થાને

બિંબ પ્રતિબિંબ કંઈ બેઉ જુદાં નથી
છાકમાં છલકતું, એ જ છાને

આંખ આ વિસ્મયો આંજીને અવતરી
મુગ્ધતા મુખ પર છે, તુંય થાને!

શ્વાસમાં સૂરતા, ઓગળે દૂરતા
તુંય તે એ જ છે, કાં ન માને?

કોણ આ રૂપ કુરૂપ કરવા મથે?
કોણ ભટકી ગયું સાનભાને?

કોણ આ જલ મહીં ફેંકતું કાંકરી?
કોણ ડહોળી રહ્યું એને? શાને? ■

સફર... પ્રવાસ... યાત્રા...
હું આ ત્રણેના ફેરને જાણું છું
ને માણું પણ છું.
સફર એકલા થાય, પ્રવાસમાં બંને સાથે હોય.
યાત્રા સંઘમાં થાય છતાં એકલા આનંદાય.
સફર બહાર થાય.
પ્રવાસ બહાર સાથે અંદર જોવાય.
યાત્રામાં ભીતર ડોકિયું થાય.

સફરમાં હોવાનો આનંદ.
પ્રવાસમાં પહોંચવાની પ્રસન્નતા.
યાત્રા સ્વયં જ ધન્યતા.

યાત્રામાં ક્યાંય પહોંચવાનું હોતું નથી.
એમાં માર્ગ સ્વયં મસ્તી,
મંજિલનો આગ્રહ જ નહીં.

પણ આ ત્રણે પછીયે ઘરે આવો એટલે
પેલી જૂની ઉક્તિ જ હૈયેથી હોઠે આવે :
ધરતીનો છેડો ઘર!

ઠંડા પાણીની ને પીણાંની કંઈક બૉટલોના અંતે
પાણિયારે માટલા પરના બુઝારાને ખસેડી
ડોયા વગર જ ડબકડોયાં કરીને
પવાલામાં પાણી લઈ
હોઠે અડાડવાથી તરસ છિપાય છે
ને ત્યારે
છેલ્લી નાગપાંચમે
ભીંત પર દોરેલા નાગના ભૂંસાવા આવેલા લિસોટા જોવા ગમે
ને પિતૃ પાણિયારે દીવામાં હસી ઊઠે
કે
સંતાન સાજાં-નરવાં ને સુખરૂપ ઘરે આવી ગયાં.

પણ એક અકળામણ તો ખરી!
ફ્લાઇટ મોડી પડે. દિવસોનો થાક પગમાં ઊતરતો હોય
ત્યારે ડ્રેસિંગ ઍરિયાની ચાવી ન જડે
ને આટલા દિવસના બંધ ઓરડાની
તપેલી દીવાલો સામે એ.સી. હાર માની લે
ને રિમોટ પર હાથ પછાડતી પત્ની સામે જોયું ન જોયું કરતાં
ફેસબુક અપડેટ કરીએ ત્યારે તો...

આપણે બુદ્ધ જેવી સમતા સિદ્ધ કરી લાગે...
યાત્રાની પ્રાપ્તિસ્તો! ■

પ્રવાસી તરીકે તમારે તમારી પંચેન્દ્રિયને કેળવવી પડે.
તો જ એ સ્થળનાં રંગ, રૂપ, ગંધ, સ્વાદ, સ્પર્શનો તમને અનુભવ થાય.
પ્રત્યેક નગરને–
એનાં પોતીકાં રંગ, રૂપ, ગંધ, સ્વાદ, સ્પર્શ હોય છે.

મુંબઈ નજીક આવે ને તમને દરિયાની હવા આવે.
લોકલ ટ્રેનમાં પરસેવાની ગંધ સાથે નારિયેળીનાં પાનમાંથી વહેતી હવાનો ધ્વનિ, ઊંચી ઇમારતો ને ઝૂંપડીઓનો કોલાજ ને ભાજીપાંઉનો સ્વાદ.
ભીડમાં અણગમતા સ્પર્શની તૈયારી પણ ખરી.

આવું દુનિયાના તમામ દેશોમાં ને પ્રત્યેક શહેરમાં અનુભવાય.
માત્ર તમારું મન મોકળું હોવું જોઈએ એને ઝીલવા.
અમેરિકાની કૉફીની સુગંધ,
પૅરિસના વાઇનનો સ્વાદ,
જપાનના બૌદ્ધ મંદિરમાં ધૂપસળીનો ધુમાડો,
લંડનમાં ટ્યૂબ ટ્રેનનો અવાજ,
દુબઈમાં રણની રેતનો રેશમી સ્પર્શ...
તમારે મુક્ત મને માણવાની તૈયારી રાખવી જોઈએ.
તો જ એની વિવિધતાને, વિશેષતાને તમે જાણી શકો.

વાનગીઓના સ્વાદની મજા પણ એ નગરની ઓળખ હોય છે.
કહોને કે એની અટક! ■

પ્રવાસ અને નિવાસ વચ્ચે ફેર છે.
પ્રવાસમાં બધું અલ્પકાલીન હોય છે.
નિવાસ કાયમી હોય છે.

પ્રવાસમાં અપરિચિતનો રોમાંચ હોય છે,
નિવાસમાં પરિચિતની નિરાંત હોય છે.
પ્રવાસમાં ઉલ્લાસ હોય છે,
નિવાસમાં હાશ...!

મને તક મળે છે પ્રવાસ કરવાની,
ને શક્ય હોય એટલો આનંદ માણું પણ છું.
પણ પ્રવાસ પૂરો કરીને
નિવાસ પર પાછા આવવાનું મને ગમે છે.

અહીં બધું જાણીતું હોય છે,
monotonous પણ ખરું,
routineનું boredom...!
પણ તોય ગમે છે પાછા વળવું,

એ પરિચિતતા વચ્ચે પગ વાળીને બેસવાનું...
નવા પ્રવાસ સુધી! ■

પ્રવાસની મજા એના સ્થળવૈવિધ્યમાં છે.
આપણે જે એકધારું routine જીવતા હોઈએ છીએ એમાં પુનરાવર્તન જ હોય એ સ્વાભાવિક છે.
એટલે જ એમાં કંટાળોય આવવો સહજ છે.
આ routineને બદલવું શક્ય નથી.

આપણે સોમથી શુક્ર કામ ને શનિ-રવિ આરામવાળા નથી. આપણે તો 58 વરસ એકધારી નોકરીવાળા... સલામત અને ખાતરીબંધ... પગાર પછી પેન્શન પણ ખરું.

આપણે સાહસને અસલામતી કહેનારા.
એટલે આપણા માટે આ નાના-મોટા પ્રવાસ એ routine break કરનારા છે.

મને એ ગમે છે. એમાં વાજબી માત્રામાં સાહસ આવકાર્ય અને એવી તક મળે ત્યારે ઝડપવી ને ભરપૂર આનંદવી મને ગમે.
એ માટેની આવશ્યક તૈયારી પણ કરું.
અચોક્કસ કે અનિશ્ચિતના રોમાંચનું પ્રમાણ પણ ખમી શકાય એટલું હોય તો વાંધો નહીં.

આવા પ્રવાસમાં મારા પહેરવેશનેય સ્થળને અનુરૂપ રાખવાનો શોખ છે મને. દૈનિક જીવન કરતાં એ પણ અલગ હોય તો monotony તૂટે.
અરીસાને આપણે જુદા લાગીએ ને આપણા હોય એમનેય...

સ્થળ અનુસારનાં વસ્ત્રો હોય તો પ્રવાસનો mood જામશે...
અજમાવી જોજો... ■

પ્રસન્નતા મનમાંથી જન્મે છે કે સ્થળમાંથી પ્રગટે છે?
સ્થળની સુંદરતા મનને રાજી કરે છે કે રાજી મન સ્થળમાં પ્રસન્નતા જુએ છે?

પ્રવાસનાં સ્થળો પસંદગીનાં હોય છે. ક્યારેક અણધાર્યાં, પણ ક્યાંક જઈ ચડાય. તો વળી ક્યારેક કોઈ જ પૂર્વધારણા વગર પણ કોઈક સ્થળની મુલાકાત થાય. આ તમામ સંભાવનાઓ વચ્ચે પણ મન તો આપણી સાથે જ રહે છે.
અરે, ક્યાંય ન જઈએ તોય એ તો આપણી સાથે ને સાથે!

એટલે જ જ્યાં હોઈએ ત્યાં
આ મનનો પ્રભાવ ને પ્રતિભાવ પણ સાથે જ રહે છે.
પરિણામે પ્રસન્નતાનાં મૂળ પણ મનમાં જ હોવાં જોઈએ. આપણી ભીતર જાગતા કે ભાગતા તમામ ભાવ મનમાં જ જન્મે છે. સ્થળ એને માટે જવાબદાર નથી.
હા, ક્યારેક ઉદ્દીપક જરૂર બને.
આપણી પ્રસન્નતા કે ઉદાસી સ્થળપ્રેરિત નથી હોતી, મનસર્જિત જ હોય છે.

જો કે ક્યારેક
પ્રસન્ન મન કોઈ સ્થળની મુલાકાતે ઉદાસ બને
ને ઉદાસ મન કોઈ સ્થળે મલકી ઊઠે
એવુંય થાય તો છે, હોં! ■

પ્રવાસ મને અવલોકન,
અનુભવ ને અર્થઘટનની તક આપે છે.
અને આલેખનની પણ!

મને એ વિષે વાત કરવી ગમે છે.
તસવીરોમાં શક્તિ છે
એ ક્ષણને સ્થિર કરવાની,
એ મૂડને ફરી-ફરી મમળાવવાની.
તસવીર અને શબ્દનું આ યુગલગાન
મારો આનંદ છે

પ્રવાસ મને ગમે છે.

એનો પ્રાસ સુવાસ સાથે મળે છે.
પ્રત્યેક સ્થળની અને પ્રત્યેક પળની
પોતીકી સુવાસ હોય છે.
વ્યક્તિઓનું પણ એવું જ.
તમે કોની સાથે છો એ પણ એટલું જ અગત્યનું.
સાથનીયે સુવાસ હોય છે.
વ્યક્તિની સુવાસ એ એના પરના તમારા વિશ્વાસ,
ને એના તમારા પરના વિશ્વાસમાંથી જન્મે છે.
એ સુવાસ ને એ વિશ્વાસના સથવારે
સોહે છે મારો પ્રવાસ. ■

પ્રવાસ એના પ્રવાસીની મનઃસ્થિતિ પર આધાર રાખે છે.
પ્રવાસપથ પરની પ્રાકૃતિક સુંદરતાને માણતાં
પ્રવાસીની નજર ધરાતી નથી.
વારંવાર પોતે જોયેલાં દૃશ્યોમાં સહભાગી બનવા
એ સાથીને આમંત્રે છે...

'તેં આ જોયું...?
અરે, પેલું પેલું...! લે, ગયું ને!'

આનંદ, આશ્ચર્ય, આછેરી અકળામણ...
સાથી બેધ્યાન હોવાની ચીડ!
ને ક્યારેક તો સાથી પણ
એ જ દૃશ્યને આંખોથી પી રહ્યો હોવા છતાં!

મજા એ છે કે આપણને
આપણી દૃષ્ટિનો મહિમા છે.
મેં જોયું...
મેં નોંધ્યું...
મેં બતાવ્યું...
સાથી પાસે પણ એવી જ નોંધ હોય
એ માનવા કે વિચારવાય મન તૈયાર નથી,
તો એ તો સ્વીકારે જ ક્યાંથી કે
એ જ બારી બહાર જોતી સાથીની આંખો ને
સાથીના મન પાસે પોતાનીયે કોઈ છબિ હોઈ શકે.
સહુએ હું બતાવું તેને તેમ જ જોવું એવું કેમ?

ફોટોય મારો ને ફ્રેમ પણ મારી! ■

શું પહેરું...?

ગૃહિણી પ્રસંગોપાત્ત જ આવું પૂછતી હોય છે.
કેટલીક વાર તો માત્ર પૂછવા ખાતર!

લગ્ન જેવા પ્રસંગે તે પૂછે જરૂર, પણ એ અભિપ્રાય પર તે અમલ કરશે જ એવું ન કહી શકાય,
અને એ માટે તે તમારી સૌંદર્યસૂઝને મર્યાદા ગણાવે.
પહેરે તો એ જ જે તેણે નક્કી કર્યું હોય. પણ પ્રવાસમાં તે પૂછેય ખરી ને માનેય ખરી,
કારણ કે તેણે પસંદગી જ મર્યાદિત રાખી હોય.
અને વળી અહીં પ્રયોગશીલતાનીયે તૈયારી હોય.
સાથે વડીલો ને બાળકો હોય ત્યારે અને
મિત્રો ને પતિની સાથે હોય ત્યારે
વસ્ત્રપસંદગી જુદી હોય છે.
સ્વતંત્રતાનો અનુભવ તેના મૂડને જ બદલી નાખે છે
ને એનું પ્રતિબિંબ વસ્ત્રોમાં ઝિલાય છે.
વસ્ત્રો વ્યક્તિની મનઃસ્થિતિનાં દ્યોતક છે.

રોજિંદાં વસ્ત્રો ને રૂટિન મૂડથી દૂર એવી પત્ની
સાવ જુદી જ લાગે છે. ■

હે મોબાઇલ ફોન,
મને તારી આટલી આદત પડી ગઈ છે?
ના, વ્યસન થઈ ગયું છે?

હું જો તારો આટલો હેવાયો ન હોત તો
આટલો રઘવાયો પણ ન થયો હોત ને!

પહાડ, ઝરણાં, વાદળ, વર્ષા, ધુમ્મસ,
ખીણ, લીલીછમ હરિયાળી,
પ્રકૃતિની આ શોભા
કવિતાસર્જનની કાચી સામગ્રી ઉપલબ્ધ
પણ હું ઉદાસ
કારણ કે તું અપ્રાપ્ય!

હું હોકાયંત્રની જેમ જ
મોબાઇલ લઈને દિશા શોધતો ફરતો રહ્યો
હૉટેલની ગૅલેરીમાં...

'પકડાયું...? ઓહ! ગયું!'
ત્રણ ટપકાં ને થ્રીજી તોય દર્શન ન દે શ્રીજી.

છે...ક હાઈવે પર આવ્યો ત્યારે
તેં આળસ મરડી ને મારું મોં મલકી ઊઠ્યું.
ત્રણ-ત્રણ દિવસનાં વહાણાં વાઈ ગયાં...
પણ મેં લખી રાખી હતી post તે હવે... ■

ઊંચાઈ આરંભે લલકારે.
આઘેથી આકર્ષે, આમંત્રે, આવકારે.
પાસે જાઓ એટલે પડકારે.

ઊંચાઈ પર જવાની બે શૈલી છે –
એક છે શિખર તરફ નજર રાખીને ચાલવું ને
બીજી પગ નીચેની ધરતી જોતાં-જોતાં
પગલાં માંડવાનાં.

આરંભનાં ડગલાં કાઠાં લાગે. વિચાર માંડી વાળવાનું મન થાય.
વળી આસપાસના યુવાનોને જોઈને ચાલવાનું રાખીએ.
તેમને જોઈને ચાનક ચડે ને તેમને
આ વડીલને જોઈને ઉત્સાહ વધે ને એમ ચાલ્યે રાખવાનું!

ઊતરતી વખતે સરળતા રહે છે.
ઢાળ મળે એટલે દોડવાનું!
દોડવું'તું ને ઢાળ મળ્યો!
અલબત્ત, સંતુલન હવે જ જાળવવાનું.
ચડતાં ડગમગો તો ટેકો કરનારા મળે,
ઊતરતાં ગબડો તો હાથ ઝાલવાવાળા કો'ક જ મળે.

ઊંચા પથ પર પગલાં માંડવાનું ને ઊંચાઈ આંબવાનું કામ અઘરું.
પગ દુખે. માંડી વાળવાનુંય મન થાય.

નીચે ઊતરવાનું સહેલું. પગને રાહત રહે. હાશ થાય.

પણ જીવનપથ પર આ રાહત નકામી.
ચડતી વખતે ભલે અઘરું પડે, મથવા જેવું.
ને લપસણા ઢાળ નીચે ઊતરવા લલચાવે ત્યારે સહેલું લાગે પણ
પછી આકરું સાબિત થાય.

બંને સમયે ઘડીક પોરો ખાઈ લેવો! ■

પ્રવાસ... સફર... યાત્રા... ત્રણે સ્વરૂપમાં
તમે જ્યાં હતા ત્યાંથી ક્યાંક બીજે જાઓ છો–
આગળ કે પાછળ.
જોયેલું ને જિવાયેલું
કે
ન જાણેલું, ન માણેલુંય હોય.
પણ એ સઘળા માટે તમારે સ્વ-સ્થાન છોડવું તો પડે જ.
સગવડપૂર્ણ ને સલામત,
સાનુકૂળ સઘળું!

પણ આ ઉપરાંત પણ એક ઓર તૈયારી રાખવાની –
બાળક બનવાની.
તમારી ભીતર ક્યાંક એ હોય જ છે.
ક્યાંક એની આંગળી છૂટી ગઈ છે,
ક્યાંક તમે છોડાવી દીધી છે.
બેસાડી દીધું છે તેને સપટ કહીને...

અદબ, પલાંઠી, ટટ્ટાર ને પાછી મોં પર આંગળી!

એ બાળકને તમારે જ ફરી વિશ્વાસમાં લેવાનું છે.
તેને હિંમત આપવાની છે.
સવાલ પૂછવા પ્રેરવાનું છે.
બારી બહાર જોવા દેવાનું છે.
તેના વિસ્મયને આળસ મરડીને જાગવા દો
ને પછી જુઓ...!

કેવી મજા આવે છે તમને તમારી સાથે,
તમનેય ખબર નહોતી કે
તમે આવા મજ્જાના માણસ છો...! ■

જીવનના રસ્તે
જાતભાતના લોકો મળે,
અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય,
ભાથામાં કડવા-મીઠા અનુભવ હોય.

ચાલવું પડે, દોડવું પડે,
પગ વાળીને બેસવા મળે,
બેસવું હોય તોય ધક્કે ચડાવે!

સરનામું પૂછો તો ઘર સુધી મૂકવા આવે,
ને કોઈ વળી ખોટા સરનામે ભટકાવે.
ગમતાં મળે - અણગમતાં મળે.
ગમતાં સાથ છોડાવે ને અણગમતાં સાથ નિભાવે.

સામાનનો ભાર સતાવે.
સપનાંની યાદ સતાવે.
સ્મિત ને આંસુ, સંગ ને અસંગ...
પથ પર રહેવું જ પડે છે.

ક્યારેક રસ્તા પરથી ઊતરી જવાનું મન પણ થાય.
પણ તમારા માટે નિર્ધારિત રસ્તો છોડવા જતાં
અકસ્માતનો ભય રહે છે.
એટલે બીજાને તેને મારગ જવા દઈ તમારે
તમારા માટેના રસ્તા પર રહેવું જ ઉત્તમ. ■

એક વાર વિમાન સફર કરવા જેવી!
એસ. ટી. બસ જેવું જ વાતાવરણ!
મોબાઇલ ફોન પર મોટેથી વાતો કરતા આ સહયાત્રીઓના વિવિધ
પ્રકારના ધંધા–રોજગાર અને એના પ્રશ્નો તમને જાણવા મળે.
મસમોટી રકમના વ્યવાહર પણ કાને પડે.
કેટલાકને કારીગરોના પ્રશ્નો હોય છે,
કેટલાક અટવાયા હોય છે માલના આવાગમનમાં.
કેટલાકનું પેમેન્ટ આવવાનું બાકી હોય છે.
કેટલાંક બહાનાં બનાવતા સંભળાય છે.
કેટલાક નોકરિયાત વર્ગના હોય છે. એ પોતાના હાથ નીચેનાને
ધમકાવતા હોય છે.

સેલ્સ અને માર્કેટિંગવાળા માટે સંયમ જાળવવો અઘરો છે.
જે કેવળ "જી, જી સર" બોલતા ને ગભરાયેલા લાગતા હોય એ
ફોન પૂરો થાય પછી લુચ્ચું હસે છે.
કેટલાક તો બકરીમાંથી વાઘ બની જાય છે.
કેટલાકની રોજિંદી બોલચાલની ભાષામાં અપશબ્દો પણ હોય છે!
પરિવાર સાથે વાતચીતમાં રુક્ષ હોય
એ અહીં લાભ જોઈને કાલાં કાઢે છે.

તમે અજાણ હો, અજ્ઞાન હો કે તમને રસ પણ ન હોય છતાં
ધંધાની આંટીઘૂંટી જાણી શકો છો.
અરે, કાલ સવારે તમે એમની ખુરશીમાં બેસી આ જાણકારીને
આધારે સ્ટાફ પર વટ પાડી શકો છો.
ઉઘરાણી કરી શકો છો.

સતત ફોન પર રહેતા આ લોકો ઍરહૉસ્ટેસની સૂચના એમને માટે
છે જ નહીં એમ માની ફોન બંધ કરતા જ નથી
ને જો એમને વ્યક્તિગત કહેવાય તો નફ્ફટ હસે છે.

આવું કરનારામાં અભણ ને અલ્પશિક્ષિતથી માંડીને ઍક્ઝિક્યુટિવ
વર્ગના લોકો હોય છે.

એમાં કેટલાક અસંસ્કારી પણ હોય છે.
મિત્રો સાથે ફેસટાઇમ પર વાતો કરીને વટ પાડવામાં મસ્ત હોય છે, ત્યારે જે ગલ્લે બોલે છે એ જ ભાષા
વિમાનમાં પણ બોલે છે.

મહિલાઓ પણ આમાં અપવાદ નથી.
એ ઘેર ફોન કરે છે, પરિવારજનોને ફોન કરે છે.
સૂચનાઓનો ધોધ વરસાવે છે. પરિવારના એક એક સાથે એકની એક વાત કરે છે.
અકળાતા પતિને “તમને વહેવારમાં ખબર ના પડે...
પેલી તો પછી મોં ચડાવે ને વાંકું બોલે એવી છે.
એકવાર બોલાવી લીધી એટલે પત્યું.. તમારે ઠીક છે,
પછી બાનું સાંભળવાનું અમારે...”
તમને એમના પરિવાર,
એમના સંબંધો,
એની સમસ્યા,
એમની યાત્રાનો હેતુ
બધું જાણવા મળે.

સારામાઠા પ્રસંગે આપેલી હાજરી પાછળની નરી ઔપચારિકતા ગંધાતી લાગે.

“દૂધપાકમાં બદામ નામની જ હતી, ચારોળી જ વધારે હતી.” એ તમને ખાધા વગર જ ખબર પડી જાય.
“શક્તિ ન હોય તો દેખાડો શું કામ કરતા હશે?” એમ કહીને
પોતાને ત્યાં બદામનો શીરો કેવો ઊપડેલો
એનીય તમને જાણ કરાવે છે.
નિંદા, સ્તુતિ, મજાક, કટાક્ષ, અસંસ્કાર સઘળાનું કોકટેલ
તમને સફરનો કંટાળો લાગવા ન દે એટલું ખરું!

તમે કહેશો કે આ બધું આપણે સાંભળવું જ શું કામ જોઈએ?
પણ આપણેય છીએ તો એમાંના જ ને? ■